SACRIFICE
316

# એક જીવંત અર્પણ

*તેથી, ભાઈઓ, હું તમને વિનંતી કરીને કહું છું કે, ઈશ્વરની દયાની ખાતર તમે તમારાં શરીરોનું જીવતું, પવિત્ર તથા ઈશ્વરને પસંદ પડે એવું, અર્પણ કરો; એ તમારી બુદ્ધિપૂર્વક સેવા છે. આ જગતનું રૂપ તમે ન ધરો, પણ તમારા મનથી નવીનતાને યોગે તમે પૂર્ણ રીતે રૂપાંતર પામો, જેથી ઈશ્વરની સારી તથા માન્ય તથા સંપૂર્ણ ઇચ્છા શી છે, તે તમે પારખી શકો.* રોમનોને પત્ર 12:1-2

**તમારું અર્પણ.** તમારા શરીરનું *"જીવતું, પવિત્ર ... અર્પણ"* તરીકે રજૂ કરવાની આ સલાહ ઘણીવાર ગેરસમજ ઉત્પન્ન કરે છે. જો કે, ઈસુ ખ્રિસ્તમાં ફક્ત વિશ્વાસ રાખવા કરતાં વધુ યોગ્ય માર્ગ બતાવવા માટે તે ખૂબ જ મહત્વપૂર્ણ છે. પહેલી કલમ દરેક વિશ્વાસીને તારણ (મુક્તિ) પામ્યા પછી ઈશ્વરને એક ચોક્કસ અર્પણ ચઢાવવાનો પડકાર આપે છે. બીજી કલમ તે અર્પણ પછીના જીવન માટેની સૂચનાઓ આપે છે. દરરોજ તમારા વધસ્તંભ ઉંચકવાના ભાગ રૂપે દરરોજ ઈશ્વરને આધીન થાઓ, લૂક 9:23. જો કે, રોમનો 12:1 નો તે હેતુ નથી. *"તમારા શરીરોનું...અર્પણ કરો"* નો આદેશ *એક જ વાર હંમેશને માટે* ઈશ્વરને અર્પણ, સમર્પણ, અને સંપૂર્ણ આધીન થવાનો છે. તે તારણ નથી. તારણ માત્ર ખ્રિસ્તના બલિદાન દ્વારા જ મળે છે. આ અલગ છે. આ તમારા અર્પણની વાત છે. તે દૈનિક અર્પણ કે બલિદાન નથી. તે તમારા જીવનનું બિનશરતી, કાયમી ધોરણે, જીવંત, પવિત્ર તથા ઈશ્વરને પસંદ પડે એવું અર્પણ છે. તે ઈશ્વરને તેમના મહિમા અને અમાર્યાદિત ઉપયોગ માટે તમારી જાતની સ્વૈચ્છિક ભેટ છે.

**શા માટે આ અર્પણ કરવું?** તે તેમની દયાને માટે. રોમનોને પત્ર અધ્યાય 1-11 ઈશ્વરની દયાનું વર્ણન કરે છે. રોમનોને પત્ર 12:1 તમને જણાવે છે કે હવે તેમની દયાને કારણે ઈશ્વર શું ઈચ્છે છે કે તમે કરો. રોમનોને પત્ર 12:2 તમને તમારા અર્પણ પછીના જીવન માટે બે સૂચનાઓ આપે છે. તમારું તારણ (બચાવ) કરવા અને તમને પવિત્ર કરવા માટે ઈશ્વરની મહાન દયાનું વર્ણન પહેલા અગિયાર અધ્યાયોમાં કરવામાં આવ્યું છે. તેથી, તમારી જાતને ઈશ્વરને અર્પણ કરો. ઈશ્વર તમને આ જીવનમાં તેમજ અનંતકાળ માટે આશીર્વાદ આપશે. જો કે, તમારા અર્પણ માટેની યોગ્ય પ્રેરણા તમારી આગળ નથી. તે તમારી પાછળ છે. તમારી યોગ્ય પ્રેરણા ઈશ્વરે પહેલાથી જ તમારે માટે જે કર્યું છે તેના પર આધાર રાખે છે. કલ્પના કરો કે ઈસુ ખીલા વડે ખરડાયેલા પોતાના હાથ તમારી આગળ ઊંચા કરી કહી રહ્યા હોય કે, "અંતે આ સર્વ મેં તારા માટે કર્યું છે, મારે માટે આમ કર." રોમનોને પત્ર 12:1 નો અર્થ આ છે.

**એક જ વારનું બલિદાન શા માટે?** કારણ કે રોમનોને પત્ર 12:1-2 નો અર્થ એવો જ છે. 12:2 માં *"નું રૂપ તમે ન ધરો"* અને *"રૂપાંતર પામો"* આ બે ક્રિયાપદો વર્તમાનકાળમાં છે. એનો અર્થ એ છે કે આ બે બાબતો હાલમાં કરો તેમજ તે તમારા જીવનભર તેને કરતા રહો. જો કે, 12:1 માં *"તમારા શરીરોનું... અર્પણ કરો"* એ ક્રિયાપદ ગ્રીક ભાષામાં સાદા વર્તમાનકાળમાં નથી. ગ્રીકમાં, તેનો અર્થ એક જ વખતનું કાર્ય છે. તે સતત કરતા રહો તેવો તેનો અર્થ નથી. એનો અર્થ એ છે કે તે હંમેશને માટે પણ એક જ વાર કરવાનું કાર્ય છે. એ ઈશ્વરને તમારૂ સ્વૈચ્છિક સ્વાર્પણ છે. તમારી જાતને તમે અર્પણ રૂપે તેમને બલિદાન કરો. રોમનોને પત્ર 12:1 તમારા અર્પણ એટલે કે બલિદાન વિશે છે. તે ઈશ્વરની વેદી પર તમારી જાતને હંમેશા માટે સ્વાર્પણ કરવા સબંધી છે.

**બે ઉદાહરણો.** પુનર્નિયમ 15:12-17 આ માટે એક ઉદાહરણ પૂરું પાડે છે. એક સ્વતંત્ર થયેલ હિબ્રૂ ગુલામ *સ્વૈચ્છિક રીતે* અને *કાયમને માટે* પોતાના માલિકનો ફરીથી ગુલામ બની રહેવાનો નિર્ણય લઈ શકતો હતો. આ પસંદગી તેના માલિકની ભૂતકાળની દયા પર આધારિત હતી. આ નિર્ણય ગુલામના તેના માલિક પ્રત્યેના પ્રેમથી પ્રેરિત હતો. તે કાયમી હતું. આ માટે ગુલામનો કાન વીંધવામાં આવતો હતો કે જે દર્શાવતો હતો કે તે આ માલિકનો જીવનભર ગુલામ બની રહેશે. આ તે ગુલામની પસંદગી હતી. તેના પર તે માટે કોઈ દબાણ કરવામાં આવતું ન હતું. આ એક કાયમી નિર્ણય હતો. બીજું ઉદાહરણ જૂના કરારમાં પ્રાણીઓના બલિદાનમાં જોવા મળે છે. વેદી પર અર્પણ તરીકે બલિદાન માટેનું પ્રાણી માન્ય હોવું જરૂરી હતું. માંદુ અથવા ખોડ-ખાંપણવાળું પ્રાણી સ્વીકાર્ય ન હતું, લેવીય 1-5. તે ઉદાહરણ રોમનોને પત્ર 12:1 પ્રમાણેના તમારા બલિદાનનો પવિત્ર અને પસંદ પડે એવો (સ્વીકાર્ય) ભાગ દર્શાવે છે. બલિદાન આપેલ પ્રાણીનું મૃત્યુ તે બલિદાનનું કાયમીપણું દર્શાવે છે. બલિદાન આપેલું કોઈપણ પ્રાણી જ્યારે વેદી ગરમ થાય ત્યારે તે પરથી નીચે સરકી જતુ નથી. કોઈ યાજકે દિવસના અંતે કોઈ પ્રાણીને બીજા દિવસે અર્પણ કરવા માટે વેદી પરથી પાછું લઈ લીધું હોય એવું બન્યું નથી. તે કાયમી બલિદાન હતું. જો તમે રોમનોને પત્ર 12:1 પ્રમાણે તમારા અર્પણને વેદી ગરમ થાય ત્યારે તે પરથી ઉતારી લો છો, તો તે ક્યારેય રોમનોને પત્ર 12:1 માંનું બલિદાન નહોતું.

**તમારા અર્પણનું પુનરાવર્તન.** શું તમારે ક્યારેય રોમનોને પત્ર 12:1 માંના અર્પણનું પુનરાવર્તન કરવું જોઈએ? હા, જો તમારું અર્પણ માન્ય ન હોય તો. રોમનોને પત્ર 12:1 માંનું અર્પણ જીવતું, પવિત્ર તથા ઈશ્વરને પસંદ પડે એવું હોવું જોઈએ. તમે જીવંત છો કારણ કે, ખ્રિસ્ત પર વિશ્વાસને લીધે, તમે *"મરણમાંથી નીકળીને જીવનમાં આવ્યા છો,"* યોહાન 5:24. પવિત્ર અર્પણ બની રહેવું એ તમારી જવાબદારી છે. જૂના કરારમાં બલિદાન માટે પ્રાણી માન્ય હોય એ જરૂરી હતું. કોઈ પણ પ્રાણી સંપૂર્ણ થઈ શકતું નથી. પરંતુ તે નિરોગી, સ્વસ્થ અને દોષ રહિત હોવું જોઈએ. તે રોમનોને પત્ર 12:1 માં અર્પણ માટેની બે બાબતો દર્શાવે છે. પ્રથમ, તમારું બલિદાન રોગમુક્ત હોવું જોઈએ. પાપ અને ઈશ્વરથી વિમુખ થવાનો રોગ તારણ દ્વારા દૂર કરવામાં આવ્યો હોવો જોઈએ. એટલા માટે રોમનોને પત્ર 12:1 એ ફક્ત વિશ્વાસીઓને માટે જ લખવામાં આવ્યો છે (તે કલમમાં "ભાઈઓ" શબ્દ એ જ સૂચવે છે). અવિશ્વાસીઓનું બલિદાન સ્વીકાર યોગ્ય નથી કારણ કે તે તારણ પહેલાં *નહિ પરંતુ* તારણ પછીનું અર્પણ હોવું જોઈએ. ઈસુને અનુસરતા પહેલા તમારે તેમની પાસે આવવું જોઈએ. તમારા તારણની ખાતરી કરવા માટે www.Gospel316.org. ની મુલાકાત લો. વિશ્વાસીના જીવનમાં પવિત્ર હોવું આત્મિક શુદ્ધતાના માન્ય સ્તરને દર્શાવે છે. પછી જ રોમનોને પત્ર 12:1 પ્રમાણે તમારું અર્પણ ઈશ્વરને માન્ય થાય છે. *"એ માટે જો કોઈ પાછલાંથી પોતાને [દૂર રાખીને] શુદ્ધ રહે, તો તે ઉત્તમ કાર્યને માટે પવિત્ર કરેલું, સ્વામીને ઉપયોગી તથા સર્વ સારાં કામને માટે તૈયાર કરેલું પાત્ર થશે,"* 2 તિમોથી 2:21. તમે સંપૂર્ણ ન હોઈ શકો. જો કે, તમે તમારી જાતને આત્મિક તંદુરસ્તી અને પવિત્રતાના યોગ્ય સ્તરે રજૂ કરી શકો છો. તમારું જીવતું અને પવિત્ર બલિદાન ઈશ્વર દ્વારા સ્વીકારવામાં આવ્યા પછી, તમારે ફરીથી ક્યારેય અર્પણ કરવાની જરૂર નથી. જો કે, જો તમારું બલિદાન અલ્પકાળિક હોય અથવા અપવિત્ર હોવાને કારણે ઈશ્વરને માન્ય ન થયું હોય, તો તમારે તે અર્પણ ફરીથી કરવાની જરૂર પડે છે. તમારી જાતને કાયમી ધોરણે, જીવંત અને પવિત્ર બલિદાન તરીકે અર્પણ કરો. સ્વેચ્છાએ અને કાયમી રૂપે તમારી જાતને ઈશ્વરને સમર્પિત કરો. આ કરવા ખાતર ન કરો. તારણ પછીનો આ એક ખુબ જ ગંભીર નિર્ણય છે. તમારા અર્પણને સ્વીકારવામાં આવ્યા પછી, ઈસુ ખ્રિસ્તના સાચા અનુયાયી તરીકે રોમનોને પત્ર 12:2 ને અનુરૂપ તમારા રૂપાંતરિત જીવનમાં આગળ વધો. ઈશ્વરે તમારે માટે જે કર્યું છે, તેમના માટે તમે આ કરો!

**અર્પણ પછીનું તમારું જીવન.** *"આ જગતનું રૂપ તમે ન ધરો, પણ તમારા મનથી નવીનતાને યોગે તમે પૂર્ણ રીતે રૂપાંતર પામો, જેથી ઈશ્વરની સારી તથા માન્ય તથા સંપૂર્ણ ઇચ્છા શી છે, તે તમે પારખી શકો,"* રોમનોને પત્ર 12:2. આ કલમ રોમનો 12:1 ના તમારા અર્પણ પછીના જીવન માટે સૂચનો આપે છે. આ સૂચનો માટે વર્તમાનકાળ વપરાયો છે જેનો અર્થ છે કે ...નુ રૂપ તમે ન ધરો અને મનથી નવીનતાને યોગે તમે પૂર્ણ રીતે રૂપાંતરિત થતા રહો. આ જગતનું રૂપ અને તેના પાપમય વ્યવહારોને અનુરૂપ તમે ન બનો. તમે એક વિશ્વાસી છો, આ જગતને તેના રૂપ પ્રમાણે તમને ઘડવા ન દો. રોમનોને પત્ર 12:2 તમને *"તમારા મનથી નવીનતાને યોગે તમે પૂર્ણ રીતે રૂપાંતર પામો"* એ માટે પ્રોત્સાહિત કરે છે. *રૂપાંતર પામો* જે ગ્રીક શબ્દનો અનુવાદ છે તે માથ્થી 17:2 અને માર્ક 9:2 માં ઈસુ માટે ઉપયોગ કરવામાં આવેલ શબ્દ સમાન છે જ્યાં તે જણાવે છે કે તેમનું *રૂપાંતરણ થયું હતું.* રોમનોને પત્ર 12:2 એ તમારા મનને નવીનતાને યોગે રૂપાંતરણ (નવીનીકરણ, સંપૂર્ણ પરિવર્તન) પામવા માટે એક ઉત્તેજન છે. તે રૂપાંતરણ (ઈયળમાંથી બનતા પતંગિયા કરતાં પણ વધુ અનોખી પ્રક્રિયા) તમે જયારે ઈશ્વરનું વચન એટલે કે બાઈબલમાંથી શીખો છો અને તે મુજબ જીવન જીવો છો ત્યારે થાય છે. રોમનોને પત્ર 12:1 મુજબ તમારૂ અર્પણ કરો. આ જગતના ઘાટમાં તમે ઘડાઈ ન જાઓ. તમે ઈશ્વરનું વચન શીખવાથી અને તે મુજબ જીવન જીવવા દ્વારા રૂપાંતરણ પામતા જાઓ. જેથી તમે ઈશ્વરની ઈચ્છા પારખી શકો અને તે મુજબ જીવી શકો.

**"જેથી ઈશ્વરની સારી તથા માન્ય તથા સંપૂર્ણ ઇચ્છા શી છે, તે તમે પારખી શકો." રોમનોને પત્ર 12:2**

---

*એક જીવતું અર્પણ* © 2026 જ્હોન ડી. મોરિસ III દ્વારા જે એક્ટ્સ વન એઈટ દ્વારા પ્રકાશિત થયેલ છે. તમે આ સંપૂર્ણ નિવેદન સહિતની સામગ્રીને કોઈપણ ફેરફાર કર્યા વિના તેને વિનામૂલ્યે છાપી, નકલ, પોસ્ટ, ઈ-મેઈલ કરી શકો અથવા મેસેજ તરીકે મોકલી શકો છો. તમે પાન નંબર એકના મથાળે તમારી મીનીસ્ટ્રી અથવા મંડળીનું નામ અથવા લોગો ઉમેરી શકો છો અને પાન નંબર બેના તળિયે નક્કર રેખા ઉપર તમારા સંપર્કની માહિતી ઉમેરી શકો છો. *Sacrifice316* બાઈબલ આધારિત જ છે. તેનો ઉદ્દેશ્ય લોકોને ઈસુ પર માત્ર વિશ્વાસ રાખવો એટલું જ નહિ પરંતુ આગળ આત્મિક રીતે વૃદ્ધિ પામવા માટે મદદ કરવાનો છે. તમે એક્ટ્સ વન એઈટ પર (જો શક્ય હોય તો અંગ્રેજીમાં) ઈ-મેઈલ કરી શકો છો: Hello@Mail316.org. અનુવાદની સેવાઓ www.ChristianLingua.com. દ્વારા પૂરી પાડવામાં આવી છે. *એક જીવતું અર્પણ* www.Sacrifice316.org. પર 48 ભાષાઓમાં વિનામૂલ્યે ઉપલબ્ધ છે. અંગ્રેજી ભાષાંતરમાં અવતરણો ધ લોકમેન ફાઉન્ડેશનના ન્યુ અમેરિકન સ્ટાન્ડર્ડ બાઈબલ 1995 માંથી લેવામાં આવ્યા છે. આ અનુવાદમાં બાઈબલના અવતરણો GUJOVBSI માંથી લેવામાં આવ્યા છે.